Affiliated To KSKV KACHCHH UNIVERSITY, BHUJ

# S. D. SHETHIYA COLLEGE OF EDUCATION

Near Mahesh Nagar, Opp. Kudarati Upchar Kendra, Mundra Kachchh (370421)
NAAC Accredited : 'B' Grade (2.07 CGPA)
Contact No. 9723557246

Website : https://sdsbedcollege.org E-mail : sdsbed54@gmail.com

ZONE CODE: 93 COLLEGE CODE (D.E.): 48

S. D. Shethia College of Education Mundra Kutch

સુચના : અત્રેની કોલેજમાં ખાલી પડેલ જુનિયર ક્લાર્કની ભરતી માટેની પ્રથમ સ્ક્રીનીંગ કસોટી તા. ૨૮.૧૨.૨૦૨૫, રવિવારના રોજ નીચેની વિગતે રાખેલ છે. અત્રેની કોલેજમાં અરજી કરેલ તમામ ઉમેદવારોને આજે તમે આપેલ સરનામે SPEED POST થી કોલ લેટર મોકલવામાં આવેલ છે. માટે અસલ કોલ લેટર સાથે રાખી પરીક્ષામાં ઉપસ્થિત રહેવું,. કોઈ કારણસર કોલ લેટર ન મળે તો પણ જરૂરી આધાર પુરાવા સાથે પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશો.
નોંધ : આ સાથે નીચેની તમામ વિગતો/સુચનાઓનો અભ્યાસ કરી લેશો.

વિષયઃ- જુનિયર ક્લાર્ક વર્ગ-૩ (બિન અનામત – OPEN – ૨ ) ની સૂચિત જગ્યા માટે લેખિત પરીક્ષામાં હાજર રહેવા બાબત.

સંદર્ભ : (૧) ઉ. શિ. કમિ. કચેરીના પત્ર ક્રમાંક : કચટ / isc3/ વર્ગ – 3/NOC/ ૨૦૯૦૬-૦૮, તા. ૨૩-૦૯-૨૦૨૫

મહાશયશ્રી,

જય ભારત સાથ જણાવવાનું કે ઉપરોક્ત સંદર્ભ – ૧ મુજબ જુ.ક્લાર્ક જગ્યા – ૨ વર્ગ – 3 (બિન અનામત – OPEN) ની ભરતી કરવાની હોઈ સંદર્ભ – ૧ મુજબ આ જગ્યાની ભરતીની ઉમેદવારી નોંધવા માટે આપની અરજી અમોને મળેલ છે. સદર જગ્યા રાજ્ય સરકારશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના તથા સામાન્ય વહીવટ વિભાગ તથા નાણા વિભાગના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ અને લેખિત પરીક્ષાના અભ્યાસક્રમ તેમજ પરીક્ષાના માળખા પ્રમાણે લેખિત આપવાની રહેશે. ભરતી અંગેના નિયમો વિગતવાર માહિતી વેબસાઈટ https://sdsbedcollege.org ઉપર મુકવામાં આવેલ છે.

આ જગ્યા માટે આપના દ્વારા કરવામાં આવેલ અરજી બાબતે લેખિત પરીક્ષા નીચે જણાવેલ સ્થળે અને સમયે રાખવામાં આવેલ છે. નિયત લેખિત પરીક્ષા માટે સમયસર - સ્વખર્ચે હાજર રહેવા જણાવવામાં આવે છે.

| ઉમેદવારનો સીટ નંબર | પરીક્ષાની તારીખ અને વાર | પરીક્ષા સમય | પરીક્ષાનું સ્થળ |
|---|---|---|---|
| --સીટ નંબર-- | ૨૮.૧૨.૨૦૨૫, રવિવાર | બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ (૧ કલાક) | એસ ડી શેઠિયા કોલેજ ઓફ એજ્યુકેશન, મહેશ નગરની બાજુમાં, કુદરતી ઉપચાર કેન્દ્રની બાજુમાં, મુન્દ્રા કચ્છ (પીન – ૩૭૦૪૨૧) |

## : ઉમેદવાર માટે અગત્યની સુચનાઓ :

(નીચે જણાવેલ તમામ સુચનાઓ ઉમેદવારોએ વાંચી તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે)

1. પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે ઉમેદવારે આ પ્રવેશપત્ર અચૂક સાથે લાવવાનું રહેશે અને સક્ષમ અધિકારી માંગે ત્યારે આપવાનું રહેશે.
2. ઉમેદવારે ઉપરના બોક્સમાં પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો લગાવી સ્વપ્રમાણિત કરવાનો રહેશે.
3. ઉમેદવારે પોતાની ઓળખ માટેનો કોઈપણ પૂરાવો (ફોટો આઇ.ડી) અસલમાં જેવા કે, આધાર કાર્ડ, ડ્રાઈવીંગ લાઇસન્સ, પાન કાર્ડ, ચૂંટણી કાર્ડ, પાસપોર્ટ વિગેરે પોતાની સાથે રાખવા તથા પરીક્ષા દરમ્યાન જરૂર જણાયે રજુ કરવાના રહેશે.
4. પરીક્ષા આપનાર ઉમેદવારો પરીક્ષા માટે ઉપરોક્ત સ્થળ પર સવારે ૧૧.૦૦ કલાકે રિપોર્ટ કરવાનો રહેશે. તેમજ ૧૧.૩૦ કલાક બાદ ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહીં. જેની તમામ ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.
5. પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી ઉમેદવાર પરીક્ષા વર્ગખંડ છોડી શકશે નહિ. ઉમેદવારો માટે પીવાના પાણીની સગવડ કરવામાં આવેલ છે.
6. આ પરીક્ષા OMR (ઓપ્ટીકલ માર્ક રીડીંગ) પધ્ધતિથી થશે. જેમાં પ્રત્યેક સાચા જવાબ દીઠ ગુણ-૦૧ મળશે. પ્રત્યેક ખોટા જવાબદીઠ ૦.૨૫ ગુણને નેગેટીવ માર્કિંગ રહેશે.

7. ઉમેદવારો જો White Ink (સફેદ શાહી)નો ઉપયોગ કરશે કે ઉમેદવાર એક કરતા વધુ વિકલ્પ પસંદ કરશે અથવા જો કોઈ પણ વિકલ્પ પસંદ નહિ કરે તો તેને કોઇ ગુણ મળશે નહિ અને જવાબ રદ ગણવામાં આવશે.
8. OMR Sheet પ્રશ્નપત્ર સાથે આપવામાં આવશે. OMR Sheetમાં ઉમેદવારોએ તેમના બેઠક નંબર તથા પ્રશ્નપત્ર શ્રેણી યોગ્ય રીતે લખીને OMR પધ્ધતિમાં અચૂકપણે દર્શાવવાના રહેશે.આપની ભૂલ થયે અન્ય OMR Sheet મળવાપાત્ર નથી.
9. આ પરીક્ષા OMR પધ્ધતિથી લેવાનાર હોઇ, જેના જવાબો પુરા પાડેલ OMR Sheetમાં જ વિકલ્પ પસંદ કરી વર્તુળમાં ભુરી(વાદળી) અથવા કાળી બોલ પોઇન્ટ પેનથી સંપુર્ણ ભરી (ભૂરૂ /કાળુ કરી) આપવાનું રહેશે.
10. ઉમેદવારોને આપવામાં આવેલ OMR Sheetમાં કોઇપણ પ્રિન્ટીંગની ભુલ નથી તેની ખાત્રી કલાક ૧૨.૧૫ વાગ્યા સુધીમાં કરી લેવી અને જો કઇ ભુલ જણાય તો વર્ગખંડ નિરીક્ષક (Invigilator)ના ધ્યાને લાવવી.
11. OMR Sheetમાં કોઇપણ જગ્યાએ કોઇ ચિહ્ન/નિશાન કે અન્ય કોઇ વિગત દર્શાવવાની નથી. આવી વિગત દર્શાવનાર ઉમેદવારની OMR Sheet રદ થવાને પાત્ર થશે.
12. પુસ્તકો, કાગળ, સાહિત્ય, મોબાઇલ ફોન, કેલક્યુલેટર વગેરે જેવા વિજાણું સાધનો રાખવા નહીં જો આવી વસ્તુઓ આપની પાસેથી મળી આવશે તો આપો આપ તમો ગેરલાયક ઠરશો તેમજ આવી ચીજવસ્તુઓ જપ્ત કરવામાં આવશે. તેમજ જો,કોઇ ઉમેદવાર નકલ કરતાં અથવા ગેરરીતિ અને ગેરશિસ્ત આચરતાં જણાશે તો ગેરલાયક ઠરશે. જે ઉમેદવાર સરકારી સેવામાં હશે તો સરકારશ્રીને તેવા ઉમેદવાર સામે શિસ્તભંગનાં પગલાં લેવા દરખાસ્ત કરવામાં આવશે.
13. ભરતીની જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે નિયત ઉંમર, શૈક્ષણિક લાયકાત તથા અન્ય વધારાની લાયકાત ધરાવો છો તે શરતે જ આપને તદ્દન કામચલાઉ ધોરણે આપના અરજી ફોર્મની ચકાસણી કર્યા સિવાય આપની જવાબદારી પર પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવે છે. જો કોઇપણ તબક્કે એમ જણાશે કે આપ નિયમો પ્રમાણે ઉંમર, શૈક્ષણિક લાયકાત તથા અન્ય વધારાની લાયકાત ધરાવતા નથી તો આપ કસોટીમાં બેઠા હશો અને પાસ જાહેર થશો, તો પણ ઉમેદવાર ગેરલાયક ગણાશે.
14. ઉમેદવારે પોતાના ખર્ચે પરીક્ષાના સ્થળે આવવાનું રહેશે. આ માટે આપને કોઇપણ પ્રકારનું ટી.એ./ડી.એ આપવામાં આવશે નહી.
15. પસંદગી પામેલ ઉમેદવારના ઓરિજનલ માર્કશીટ તેમજ સંબધિત પ્રમાણપત્રોની ચકાસણી તેમજ ખરાઇ કર્યા બાદ જ આગળની કાર્યવાહી કરવામાં આવશે.
16. સમગ્ર કાર્યવાહી ઉચ્ચ શિક્ષણથી સરકારશ્રીના પ્રતિનિધિ તથા મંડળના હોદ્દારોની હાજરી તેમજ અધ્યક્ષતામાં સંપન્ન થશે.
17. સમગ્ર કાર્યવાહીનો આખરી નિર્ણય ઉચ્ચ શિક્ષણથી સરકારશ્રીના પ્રતિનિધિ તથા મંડળના હોદ્દેદારો બન્નેની સર્વસંમતિથી લેવાશે.

ડૉ. કૈલાશ એમ. મહેતા
(આચાર્ય)

Principal
S. D. Shethia Collage of Education
(Mundra-)Kutch

તારીખ : ૧૧.૧૨.૨૦૨૫
સ્થળ : મુન્દ્રા કચ્છ

<u>ખાસ નોંધઃ-</u>

- આ પ્રથમ પરીક્ષા માત્ર લાયકાત પુરવાર(સ્ક્રીનીંગ ટેસ્ટ) કરવા માટે છે. પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણના આધારે મેરીટ બનશે. તે મુજબ કુલ ૧ જગ્યા માટે સાત ગણા ઉમેદવારોને જ મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે. પ્રાથમિક પરીક્ષાના ગુણને મુખ્ય પરીક્ષા મેરીટમાં ધ્યાને લેવાશે નહિ.
- મુખ્ય પરીક્ષામાં પ્રાપ્ત કરેલ અગ્રિમ ગુણના આધારે જે તે ઉમેદવારની પસંદગી તે દિવસે સરકારી નિયમો મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.